પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૧૩ | ૩ જુલાઈ, ૨૦૧૭, સોમવાર ; અષાઢ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# બનાસકાંઠા, ટંકારા અને કોડીનારમાં મેઘતાંડવ

**ગુજરાતના તમામ જિલ્લાઓમાં મેઘો મન મૂકીને વરસ્યો : કોડિનાર, ટંકારા, બનાસકાંઠામાં તારાજીના દ્રશ્યો**
**૮૭થી વધુ પશુઓના મોતથી સનસનાટી : કુદરતના રૌદ્રસ્વરૂપ સામે માનવી ફરી એકવાર વામણો પુરવાર**





અમદાવાદ, તા.૨

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં મેઘરાજાએ આજે પણ તેની મહેર ચાલુ રાખી હતી, તો, બનાસકાંઠા, મોરબીના ટંકારા, ગીર-સોમનાથના કોડીનાર સહિતના પંથકોમાં મેઘરાજાએ પોતાનો કહેર વરસાવ્યો હતો. મોરબીના ટંકારાના બંગાવડી ડેમ પાણીની વધુ આવકના કારણે ઓવરફલો થયો હતો. ડેમના આડસ માટે રાખવામાં આવેલા પાટિયા તણાયા હતા તો, બપોરે ડેમમાં એક ગાબડુ પડતાં તંત્ર દોડતું થઇ ગયું હતું. ટંકારામાં આજે પણ વરસાદનો કહેર યથાવત્ રહ્યો હતો. વરસાદના રૌદ્રસ્વરૂપને લઇ કાચી માટીનો માનવી ફરી એકવાર કુદરત સામે વામણો સાબિત થયો હતો. વરસાદી કહેરમાં ૬૦થી વધુ પશુઓ મોતને ભેટયા હતા. તો

બીજીબાજુ, બનાસકાંઠામાં પણ આજે વરસાદી કહેર જોવા મળ્યો હતો. ખાસ કરીને પાલનપુર અને દાંતીવાડા પંથકમાં સાંબેલાધાર વરસાદે જનજીવન ઘમરોળી નાંખ્યું હતું. પંથકના કુંભાસણ ગામે તો ૨૭ પશુઓના વરસાદી પાણીમાં તણાઈને ડૂબી જવાથી મોત થતાં ગામમાં અરેરાટીની લાગણી ફેલાઇ ગઇ હતી. તો ગીર-સોમનાથ જિલ્લાના કોડીનારમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯ ઇંચ વરસાદ ખાબકતાં સમગ્ર પંથક અને આસપાસના ગામો જળબંબાકાર થઈ ગયા હતા. કુદરતી થપાટમાં સામાન્ય માણસ ભારે નુકસાની-તારાજી વચ્ચે જાણે ચીથરે હાલ થઈ ગયો હતો અને લાચારીભર્યુ જીવન જીવવા જાણે મજબૂર બન્યો હતો.આજે સમગ્ર ગુજરાત રાજયમાં

● અનુસંધાન પાન-૭ પર

## સૌરાષ્ટ્ર શ્રીકાર વરસાદથી નદી-નાળા છલકાયા

સૌરાષ્ટ્ર પંથકમાં શ્રીકાર વરસાદને પગલે તમામ નદી-નાળા છલકાઇ ગયા છે. પાણીનો પ્રવાહ એટલી હદે વધી રહ્યો છે કે, રસનાળ તળાવ તો તૂટી ગયુ હતું, તો બંગાવડી ડેમની કેનાલને ક્ષતિગ્રસ્ત બની હતી. રસનાળ તળાવ તૂટતા વરસાદી પાણી ખેતરોમાં અને ગામમાં ફરી વળ્યા હતા. ટંકારના દેવળિયા તાલુકામાં બાર ઇંચ વરસાદ ખાબકયો હતો, તો આ જ પટ્ટીમાં આવતા ધ્રોલ-જોડિયા, લતીપુર ગામો તો બારેમેઘ ખાંગા થતાં બેટમાં ફેરવાયા હતા.

## મોરબીનો મચ્છુ-૨ ડેમ ઓવરફલોની તૈયારીમાં

મોરબીમાં અતિ ભારે વરસાદને લઈ તેમ જ વાંકાનેર - ચોટીલાના ઉપરવાસમાં ભારે વરસાદને પગલે મોરબીનો જાણીતો મચ્છુ-૨ ડેમમાં એક જ દિવસમાં ૬૦ ટકા જેટલું પાણી આવી ગયું હતુ, જેને લઈ ડેમની સપાટી જે કે ૩૩ ફુટની છે, તેના પ્રમાણમાં હાલ ૩૦.૫ ફુટથી ઉપરની સપાટીએ પાણી વહી રહ્યું છે. પરિણામે, જો વરસાદી જોર યથાવત્ રહે અને ઉપરવાસના ભારે વરસાદને લઈ નવા નીરની આવક વધે તો મોરબીનો મચ્છુ-૨ ઓવરફલો થવાની તૈયારીમાં છે. મચ્છુ-૨ ડેમના ઓવરફલોની તૈયારીની સ્થિતિને લઈ તંત્ર એલર્ટ થઈ ગયુ હતું અને આસપાસના ૩૨ ગામોને પણ એલર્ટ કરી દેવાયા હતા. મચ્છુ-૨ ડેમમાં ૬૦ ટકા પાણીની આવક વધતાં ખૂબ મોટી સંખ્યામાં લોકો ડેમના સુંદર દ્રશ્યો જોવા ઉમટયા હતા.

# આગામી ૪૮ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

**ભારે વરસાદની ચેતવણીથી તંત્ર સંપૂર્ણ સાવધાન : હાલમાં ગુજરાતભરમાં મેઘમહેર જારી છે ત્યારે અનેક જગ્યાઓએ વરસાદનું રૌદ્ર સ્વરૂપ છે**

અમદાવાદ, તા. ૨

ગુજરાતભરમાં આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાંઆવી છે. બીજી બાજુ ગુજરાત પ્રદેશ પર મોનસુન જોરદારરીતે સક્રિય થયું છે જેથી આજે પણ અનેક જગ્યાઓએ ભારે વરસાદ થયો હતો. અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાયેલી છે. અમદાવાદમાં પણ વરસાદ અમદાવાદમાં શહેરમાં પણ છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદી ઝાપટા પડી રહ્યા છે. વરસાદી ઝાપટાના કારણે ઠંડક પ્રસરી રહી છે. બીજી બાજુ અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, વરસાદ ગાજવીજ સાથે પડી શકે છે. બીજી બાજુ હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરી છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારારોમાં ભારે વરસાદની આગાહીને લઈને તંત્ર સંપૂર્ણ સાવધાન થયેલું છે.

## સુરેન્દ્રનગરના બે ગામો સંપર્ક વિહોણા બન્યા

સુરેન્દ્રનગર જિલ્લા અને સમગ્ર પંથકમાં વરસાદી કહેર વરસ્યો હતો, જેને લઈ ઠેર-ઠેર કેડસમા અને તેનાથી પણ વધુ પાણી ભરાઈ ગયા હતા. તો જિલ્લાના સલી અને ઝડિયાણા ગામો તો જાણે બેટમાં ફેરવાઈ ગયા હતા અને સંપર્કવિહોણાં થઈ ગયા હતા. જેને લઈ તંત્ર દોડતું થયું હતું. ગ્રામજનોના જીવ તાળવે ચોંટયા હતા.

# પટના ખાતે યોજાનાર લાલુની મહારેલીમાં જેડીયુ નહિ જોડાય

**બિહારમાં મહાગઠબંધનમાં તિરાડ વધુ પહોળી થઇ : લાલુ દ્વારા ૨૭મી ઓગસ્ટે પટણા ખાતે મહારેલી યોજવા તૈયારી કરાઈ : કોંગ્રેસ તથા અન્યોને પણ આમંત્રણ અપાયા**

પટણા, તા.૨

બિહારમાં સત્તારુઢ ગઠબંધનની સાથે જેડીયુ અને આરજેડી વચ્ચે મતભેદ સતત વધી રહ્યા છે. મહાગઠબંધનમાં તિરાડો હવે દેખાવવા લાગી ગઈ છે. જેડીયુએ આરજેડીના વડા લાલૂ પ્રસાદ યાદવની ભાજપ હટાવો દેશ બચાવો રેલીથી દૂર થઈ જવાનો નિર્ણય કર્યો છે. આ રેલી ૨૭મી ઓગસ્ટના દિવસે પટણામાં આયોજિત કરવામાં આવી રહી છે. જેડીયુએ રેલીમાં ભાગ નહીં લેવાનો નિર્ણય કર્યો છે. જેડીયુના રાષ્ટ્રીય મહાસચિવ શ્યામ રજકે કહ્યું છે કે, આ આરજેડીની રેલી છે જેથી જેડીયુ પાર્ટી તરીકે તેમાં ભાગ લેશે નહીં. જો જેડીયુના વડા અને મુખ્યમંત્રી નીતિશકુમારને નિમંત્રણ મળશે તો વ્યક્તિગત ક્ષમતાથી તેમાં હાજર રહેવા અંગે નિર્ણય કરશે. બિહારના મહાગઠબંધન વચ્ચે વધી રહેલા મતભેદ દેખાઈ આવે છે. આઅગાઉ જેડીયુએ એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર રામનાથ કોવિંદને ટેકો આપવાની જાહેરાત કરી હતી. બીજી બાજુ શુક્રવારે મોડી રાત્રે સંસદના સેન્ટ્રલ હોલમાં જીએસટીના લોન્ચિંગ કાર્યક્રમમાં નીતિશકુમારે પોતાના પ્રતિનિધિને મોકલ્યા હતા જ્યારે મહાગઠબંધન સાથી આરજેડી અને કોંગ્રેસે આનો બહિષ્કાર કર્યો હતો. આરજેડીની રેલીનો મુખ્ય હેતુ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા એનડીએની સામે વિરોધ પક્ષોને સંગઠિત કરવાનો રહ્યો છે. આરજેડીના વરિષ્ઠ હોદ્દેદારોએ માહિતી આપતા કહ્યું છે કે, સોનિયા ગાંધી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયક, હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચૌટાલા, પૂર્વ વડાપ્રધાન દેવગૌડાને રેલીમાં હાજર રહેવા માટે અપીલ કરવામાં આવી છે.

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે હાલમાં જ કહ્યું હતું કે, બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીની હાજરી હોવા છતાં તેઓ બેઠકમાં ભાગ લેશે. લાલૂએ ચૂંટણી પ્રતિનિધિઓ સાથે પાંચમી જૂનના દિવસે બેઠક યોજીને રેલીની તૈયારીની સમીક્ષા કરી હતી.

# અમરનાથા બાબાના દર્શને ભાવિકો પહોંચ્યા

**પ્રથમ ચરણમાં ૨૯ હજાર ભાવિકોએ દર્શન કર્યા : ખરાબ હવામાન અને વરસાદ હોવા છતાંય શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ**





જમ્મુ, તા.૨

દક્ષિણ કાશ્મીરના અમરનાથ ગુફામાં સ્થિત શિવલિંગના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓનો ધસારો ખરાબ હવામાન હોવા છતાં જારી રહ્યો છે. વાર્ષિક અમરનાથ યાત્રાના પ્રારંભિક ત્રણ દિવસમાં ૨૯૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ હજુ સુધી દર્શન કરી ચુક્યા છે. બાબાના દર્શન કરવા માટે પડાપડી થઈ રહી છે. બીજી બાજુ પશ્ચિમ બંગાળના એક વ્યક્તિનું હાર્ટએટેકના કારણે મૃત્યુ થયું છે. આની સાથે જ મૃત્યુ પામેલા શ્રદ્ધાળુઓની સંખ્યા હવે ત્રણ સુધી પહોંચી ગઈ છે. ૪૦ દિવસની આ યાત્રા અનંતનાગ જિલ્લાના પહેલાગામ અને ગંદરબાલ જિલ્લાના બાલતાલના બે માર્ગોથી ચાલી રહી છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૨૯મી જૂનના દિવસે અમરનાથ યાત્રા શરૂ કરવામાં આવી હતી. એક સરકારી પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, યાત્રાના ત્રીજા દિવસે ૧૪૯૫૩ શ્રદ્ધાળુઓએ અમરનાથના દર્શન કર્યા હતા. આની સાથે જ દર્શન કરનાર લોકોની કુલ સંખ્યા વધીને ૨૯૧૮૨ ઉપર પહોંચી ગઈ હતી. પશ્ચિમ બંગાળના ૭૨ વર્ષીય તીર્થયાત્રીનું ગુફા તરફ દોરી જતા માર્ગ ઉપર હાર્ટએટેકના કારણે મૃત્યુ થયું છે. આ યાત્રા દરમિયાન મૃત્યુ પામેલા શ્રદ્ધાળુઓની સંખ્યા ત્રણ ઉપર પહોંચી છે. હાવડાના નિવાસી એકે મુખર્જીનું પોશપત્રીમાં અવસાન થયું હતું. ખરાબ હવામાન અને વરસાદના કારણે અમરનાથ યાત્રાને હાલમાં કામચલાઉ ધોરણે રોકવામાં આવી હતી પરંતુ સ્થિતિમાં સુધારો થતાં યાત્રા ફરી આગળ વધી છે. અમરનાથ યાત્રા ૪૦ દિવસ સુધી ચાલનાર છે. રક્ષાબંધનના દિવસે અમરનાથ યાત્રાની પરંપરાગતરીતે પૂર્ણાહૂતિ થશે. અમરનાથ યાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવવામાં આવ્યા છે. શ્રદ્ધાળુઓના કાફલા સાથે પણ સુરક્ષા જવાનો રાખવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં પણ આ સ્થિતિ યથાવત રહેશે.

# પીએસએલવી દ્વારા ૨૦૯ વિદેશી સેટેલાઈટ હજુ સુધીમાં લોંચ

**મે ૧૯૯૯ બાદથી સફળ લોન્ચિંગનો ઇતિહાસ : પીએસએલવીએ વિશ્વભરમાં વિશ્વસનીયતા જગાવી છે ચંદ્રયાન-૧ અને માર્શ મિશન બાદ વિશ્વમાં ઇસરોનો ડંકો**

નવીદિલ્હી, તા.૨

પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ (પીએસએલવી) દ્વારા ૧૯૯૯ બાદથી હજુ સુધી ૨૦૯ વિદેશી સેટેલાઈટ લોંચ કરવામાં આવી ચુકયા છે. ઈસરોના સૌથી વિશ્વાસપાત્ર સેટેલાઈટ કેરિયર તરીકે પીએસએલવીને ગણવામાં આવે છે. પીએસએલવી દ્વારા આ ગાળા દરમિયાન ૪૮ ભારતીય ઉપગ્રહો પણ સંબંધિત પરિભ્રમણ કક્ષામાં મુકી દેવામાં આવ્યા છે. ઓક્ટોબર ૧૯૯૪માં પ્રથમ કોપીબુક લોંચ બાદથી પીએસએલવીએ પોતાની પ્રતિષ્ઠામાં સતત વધારો કર્યો છે. આ વર્ષે જૂન સુધી પીએસએલવી મારફતે સતત ૩૯ સફળ મિશન હાથ ધરવામાં આવ્યા છે. જે વિદેશી લોંચ કરવામાં આવ્યા છે તેમાં ૪૦૦ કિલોગ્રામના સિંગાપુરના ઉપગ્રહોનો સમાવેશ થાય છે. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૫ના દિવસે સિંગાપુરના આ ઉપગ્રહને લોંચકરવામાં આવ્યા બાદ તેની વિશ્વસનીયતા વધી હતી. આ ઉપરાંત પીએસએલવી દ્વારા ઈટાલીના ૩૫૨ કિલોગ્રામના સેટેલાઈટને પણ લોંચ કરવામાં સફળતા મળી હતી. ૨૩મી એપ્રિલ ૨૦૦૭ના દિવસે આ ઉપગ્રહને પીએસએલવી મારફતે સફળરીતે પરિભ્રમણ કક્ષામાં ગોઠવવામાં સફળતા મળી હતી. આ ઉપરાંત ૨૧મી જાન્યુઆરી ૨૦૦૮ના દિવસે ઈઝરાયેલના સેટેલાઈટને પણ પરિભ્રમણ કક્ષામાં મુકવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક ઐતિહાસિક મિશનના કારણે પીએસએલવીની બોલબાલા વધી ગઈ છે. ૨૦૦૮માં ચંદ્રયાન-૧ના પોસ્ટ ઈફેક્ટીવ મિશન અને ૨૦૧૩માં માર્શ મિશન માટે પણ પીએસએલવીનો ઉપયોગ કરાયો હતો. ઈસરોના ચેરમેન એએસ કિરણકુમારે માહિતી આપતા કહ્યું છે કે, દરેક લોંચની સાથે પીએસએલવીની વિશેષતા અને તેની ક્ષમતામાં સતત સુધારો કરવામાં આવી રહ્યો છે. આજે મલ્ટીપલ ક્ષમતા પુરી પાડવામાં આવી રહી છે.

# ભારતમાં ૨૦ વર્લ્ડ ક્લાસ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ બનશે

નવીદિલ્હી, તા. ૨

રિસર્ચ અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવાના હેતુસર દેશભરમાં ૨૦ વિશ્વસ્તરીય સંસ્થા ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માહિતી માનવ સંશાધન વિકાસ પ્રધાન પ્રકાશ જાવડેકર દ્વારા આપવામાં આવી છે. ઈન્ડિયન ઈસ્ટીટ્યુટ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે કહ્યું હતું કે, યુવા પ્રતિભાઓને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં રિસર્ચ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે. આના માટે ઈનોવેશનને પણ પ્રોત્સાહન અપાશે. દેશભરમાં ૨૦ વર્લ્ડક્લાસ ઈન્સ્ટીટ્યુટ બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, રિસર્ચ અને ઈનોવેશનની મદદથી ભારત ઈચ્છીત સમૃદ્ધિ હાસલ કરી શકશે. આઈઆઈએસસીને ફંડને લઈને સંકટનો સામનો કરવો પડશે નહીં. તેમને પુરતા પ્રમાણમાં નાણા આપવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જીએસટી અમલી બની ગયા બાદ સરકારે હેલ્થ, એજ્યુકેશન અને રિસર્ચ તેમજ ઈનોવેશન માટે વધારે ફંડ આપવાની તૈયારી કરી છે. સંસ્થાના ફેકલ્ટી અને રિસર્ચ સ્કોલર સાથે પણ જાવડેકરે વાતચીત કરી હતી.

